# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

**જા.ક્ર. ૨૨૬/૨૦૨૩૨૪, સંશોધન મદદનીશ, વર્ગ–૩ અને આંકડા મદદનીશ, વર્ગ–૩ સંવર્ગના ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષાના કોલ લેટર ડાઉનલોડ કરવા બાબતની અગત્યની જાહેરાત**

મંડળ દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ તાંત્રિક સંવર્ગની સીધી ભરતીની જા.ક્ર. ૨૨૬/૨૦૨૩૨૪, સંશોધન મદદનીશ, વર્ગ–૩ અને આંકડા મદદનીશ, વર્ગ–૩ ની જાહેરાત અંતર્ગત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ. ઉક્ત અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ? અને જનરલ કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરેલ છે કે કેમ?)ને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની જાહેરાતમાં દર્શાવ્યા મુજબ **MCQ-OMR** પદ્ધતિથી નીચે દર્શાવેલ તારીખ અને સમયે પરીક્ષા યોજવાનું મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

ઉમેદવારો નીચે દર્શાવેલ સમયગાળામાં તેઓના કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.

| **પરીક્ષાની તારીખ અને સમય** | **કોલ લેટર ડાઉનલોડ કરવા માટેની તારીખ–સમયની વિગતો** |
|---|---|
| **તા.૨૦/૦૩/૨૦૨૫**<br>**રીપોર્ટીંગ સમય : ૧૩ : ૦૦ કલાક**<br>**પરીક્ષાનો સમય : ૧૫ : ૦૦ થી ૧૮ : ૦૦ કલાક સુધી** | તા.૧૨/૦૩/૨૦૨૫, બપોરે ૧૪ : ૦૦ કલાક થી તા.૨૦/૦૩/૨૦૨૫ ના બપોરના ૧૪ : ૩૦ કલાક સુધી |

મંડળ દ્વારા આ પરીક્ષામાં ઉમેદવારોનું બાયોમેટ્રીક વેરીફીકેશન કરવામાં આવનાર હોય પ્રસ્તુત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારોએ ઉક્ત દિવસે કોલ લેટરમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે ફરજિયાતપણે બપોરે ૧૩ : ૦૦ કલાકે હાજર થવાનું રહેશે. જો કોઈ ઉમેદવાર ૧૪ : ૩૦ કલાક બાદ પરીક્ષા કેન્દ્ર ખાતે ઉપસ્થિત થશે તો તેઓને કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

મંડળ દ્વારા યોજાનાર **MCQ-OMR** પદ્ધતિની પરીક્ષામાં દરેક પ્રશ્નના સાચા જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવશે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબ ને પસંદ કરવાનો રહેશે. પ્રશ્નનો ખોટો જવાબ પસંદ કરવાથી **1/4** માર્કસ (નેગેટીવ માર્કસ) કાપવામાં આવશે. ઉમેદવાર દ્વારા પ્રશ્નના જવાબ ન આપવો હોય તો તેવા સંજોગોમાં **OMR** માં પાંચમા વિકલ્પ (**E**) ને ઘૂંટવાનો રહેશે, તેવા કિસ્સામાં **1/4** માર્કસ (નેગેટીવ માર્કસ) ની કપાત કરવામાં આવશે નહિં.

ઉમેદવારોએ જે તે સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો કોલ–લેટર તથા તે સાથેની જરૂરી સુચનાઓ સહિત ઉપર દર્શાવેલ નિયત સમયગાળા દરમ્યાન **"http://ojas.gujarat.gov.in"** વેબસાઇટ પરથી અચૂક **(ON LINE)** ડાઉનલોડ કરી મેળવી લેવાના રહેશે.

પ્રવેશપત્ર **"ON LINE"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં (૧) **"http://ojas.gujarat.gov.in"** વેબસાઇટ પર જવું. (૨) **Call Letter** માં જઈ **" Primary Exam Call Letter"** પર **"Click"** કરવું. (૩) ત્યાર બાદ **Select job** ના બોક્ષમાંથી આપ જે જાહેરાતનો કોલલેટર ડાઉનલોડ કરવા માંગતા હોય તે જાહેરાત **Select** કરીને નિયત બોકસમાં **"Confirmation Number"** તથા **"Birth Date"** ટાઈપ કરીને **Print Call Letter** પર **Click** કરવાથી અલગ **Window** માં આપનો **Call Letter** (પ્રવેશપત્ર) સ્ક્રીન પર દેખાશે. જે **Call Letter** તથા તે સાથેની સુચનાઓની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. (કોલ લેટર નવી વિન્ડોમાં ખોલવા માટે **Pop up Blocker Off** કરવું જરૂરી છે.)

ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ–લેટર તથા સુચનાઓની વિગતો પરીક્ષા સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચી જવી. ઓનલાઈન કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે કચેરી સમય દરમ્યાન મંડળની હેલ્પલાઈન નંબર : ૦૭૯–૨૩૨૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.

**સ્થળ : ગાંધીનગર** **સચિવ**

**તારીખ :૧૧/૦૩/૨૦૨૫** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**